મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૩૧-૦૫-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### રાજયના વધતા જતા શહેરીકરણમાં કોઈ આયોજન વગરનો 'વિકાસ' : પાંચ મુદાઓ પર રાજય સરકાર નિયુક્ત કમીટીનો રીપોર્ટ વડાપ્રધાનને સોંપાયો

# દર પાંચ વર્ષે ૩૦૦ ગામડાઓ 'શહેર' બની રહ્યા છે : ગુજરાતમાં શહેરીકરણની સમસ્યા વિકરાળ બની છે:પીએમ મોદીને રીપોર્ટ

**શહેરોમાં જળ વ્યવસ્થા સૌથી ગંભીર: જાહેર-ખાનગી તમામ જળ સ્ત્રોતો એક નિયમન હેઠળ લાવવા જરૂરી**

**વધતા જતા વાહનો- રાજયમાં હાલ ૧૮ લાખ વાહનો નોંધાયા : ટ્રાફિક-પાર્કીંગ મેનેજમેન્ટ તાકીદે જરૂરી**

**જાહેર ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા બહુ ઓછી: રોજની ૯૦૦૦ બસો સામે શહેરોમાં ૨૦૦૦ સીટી બસો દોડે છે**

**રીડેવલપમેન્ટ માટે રાજય સરકારે કાનુની જોગવાઈઓ બનાવવી જરૂરી**

(ગરવી તાકત) મહેસાણા તા.૩૦

ગુજરાત એ દેશનું સમૃદ્ધ રાજય ગણાય છે અને હવે ગુજરાતમાં શહેરીકરણનો નવો યુગ શરૂ થયો છે. ખુદ રાજય સરકારે વિકસીત બનેલા વધુ નવ શહેરોને મહાનગરનો દરજજો આપ્યો છે અને ગ્રામીણ તથા શહેરી ક્ષેત્ર વચ્ચેનું અંતર ઘટતુ જાય છે. તે સમયે શહેરી વિકાસ આયોજન તથા પાણી-ટ્રાન્સપોર્ટેશન સહિતની સમસ્યાઓ અંગે એક ચોકાવનારો રિપોર્ટ હાલમાંજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાત સમયે તેમને સુપ્રત કરવામાં આવ્યો છે.

તેમાં રાજયના વધતા શહેરીકરણ સાથે સર્જાતી સમસ્યાઓના ઉકેલ માટે બહું જલ્દી કંઈક કરવાની આવશ્યકતા દર્શાવી છે. ગુજરાત એ દેશનું સૌથી મોટું શહેરીકરણ ધરાવતું રાજય છે પણ તેના વિકાસ માટે જે આયોજન થવું જોઈએ તે થયુ નથી અને આડેધડ શહેરીકરણની સમસ્યાએ હવે વધવા લાગી છે.

ગુજરાત સરકારે જ શહેરીકરણ સાથે જોડાયેલા પ્રશ્નો અંગે એક ઉચ્ચ કક્ષાની કમીટી નિયુક્ત કરી હતી. જેણે પોતાનો રિપોર્ટ રાજય સરકારને સુપ્રત કર્યો હતો અને તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને પણ અપાયો છે.

આ રીપોર્ટમાં જણાવાયુ છે કે, ગુજરાતમાં દર પાંચ વર્ષ ૩૦૦ ગ્રામીણક્ષેત્રો 'શહેરો' બની રહ્યા છે અને ૨૦૩૬ સુધીમાં રાજયના ૫૫% ક્ષેત્રો 'શહેરો'માં ફેરવાઈ જશે પણ તેની સામે ફકત રાજયનો ૭% ક્ષેત્રજ શહેરીકરણના પ્લાનીંગ હેઠળ આવે છે અને રાજયભરમાં બિન આયોજીત કે કોઈ નિયંત્રણ વગર વિકાસ ઝડપથી થઈ રહ્યો છે જેનાથી છેક જીલ્લા સ્તર સુધીની શહેરીકરણની સમસ્યાઓ પહોંચી છે.

સૌપ્રથમ તો જળ સંબંધીત શહેરી આયોજન થવું જરૂરી છે. કુલ ૬ ક્ષેત્રો પર આ રિપોર્ટ કેન્દ્રીત થયો છછે. જેમાં પાણી ઉપરાંત પર્યાવરણ સંબંધીત આયોજન અને શહેરી જળસ્ત્રોતોની જાળવણી તથા તેને સલામત રાખવા એ સૌથી મોટો પડકાર બની ગયો છે. શહેરોમાં વધતી વસ્તી સાથે પાણીની માંગ વધી રહી છે તે સૌથી મોટો પડકાર છે.

આ કમીટીનું નેતૃત્વ નિવૃત આઈએએસ કેશવ વર્મા અને શહેરી વિકાસ વિભાગના એડીશ્નલ ચીફ સેક્રેટરી અશ્વિનીકુમાર જે આ કમીટીના નાયબ અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી હતી તે ભલામણ કરી છે કે જાહેર અને ખાનગી તમામ જળાશયોને એક માન્ય જળબોર્ડ હેઠળ લાવવા જોઈએ પછી તે ભરાયેલા હોય કે ખાલી-સુકાયેલા હોય તેનો પણ સમાવેશ કરવો જોઈએ.

આ કમીટીના અન્ય સભ્યોમાં અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના સીઈઓ ડી.પી.દેસાઈ શહેરી આવાસ અને શહેરી વિકાસ વિભાગના સચીવ પી.કે.દતા, ચીફ ટાઉન પ્લાનીંગ ઓફીસર ડી.જે.જાડેજા, સુરત મહાનગરપાલિકાના કમિશ્નર શાલીની અગ્રવાલ તથા સેપ્ટના પ્રો.સાસ્વત બંદોપાધ્યાય અને પ્રો.સેજલ પટેલનો સમાવેશ થયો હતો.

કમીટીએ ગુજરાતના શહેરોના વિકાસ માટે રચનાત્મક અભિગમ અપનાવવા પર ભાર મુકયો હતો અને શહેરી ક્ષેત્રમાં ખાસ કરીને રીડેવલપમેન્ટમાં ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટની જોગવાઈ કરવાની ભલામણ કરી છે.

આ ઉપરાંત રાજયનો એક વિકાસ બ્લુપ્રીન્ટ- નકશો તૈયાર કરવાની આવશ્યકતા દર્શાવી છે. જેમાં જાહેર ટ્રાન્સપોર્ટ અને અસરકારક પાર્કીંગ મેનેજમેન્ટનો ખાસ સમાવેશ કરાયો છે.

કમીટીએ નોંધ્યુ કે ૨૦૨૪માંજ રાજયમાં ૧૨ લાખ ટુ વ્હીલર સાથે ૧૮ લાખ વાહનો નોંધાયા છે. ૧૫ વર્ષ પુર્વે તે ૪૧૦૦૦ હતા. ફકત અમદાવાદમાંજ રોજની નવી ૧૦૦ કાર નોંધાય છે. જે ટ્રાફિક-પાર્કીંગ સહિતની સમસ્યાઓને અકરાવે છે.



શહેરમાં જાહેર ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા વધુ સારી બનાવવાની આવશ્યકતા દર્શાવી છે તથા ટ્રાફિક મેનેજમેન્ટ અંગે પણ નવા પ્રયાસો જરૂરી છે. વધુ જાહેર ટ્રાન્સપોર્ટ આકર્ષક વ્યવસ્થાની વ્યકિતગત વાહનોને ઉપયોગ ઘટશે અને રાજયમાં હાલ ૨૦૦૦ સીટી બસ છે તે વધારીને ૯૦૦૦ કરવાની જરૂર છે.

### વિજળી પડવાના કારણે સીએનજી પંપના ઓનલાઈન ગેસ સ્ટોરમાં આગ ભભૂકી ઉઠી

## મહેસાણા બાયપાસ પર આવેલા મારૂતિ સીએનજી પંપ ઉપર વિજળી પડતા મોટો ધડાકો : અફરા તફરી મચી

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

મહેસાણામાં મોડી રાત્રે ભારે પવન અને વીજળીના કારણે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. નગર બાયપાસ પર આવેલા મારુતિ CNG પંપિંગ સ્ટેશન પર અઢી વાગ્યાના સુમારે વીજળી પડવાથી મોટો ધડાકો થયો હતો.

વીજળી પડવાના કારણે ઝદ્રય પંપના ઓનલાઈન ગેસ સ્ટોરમાં આગ ભભૂકી ઊઠી હતી.

આ ઘટનાથી પંપ પર હાજર કર્મચારીઓ અને અન્ય લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.



તાત્કાલિક મહેસાણા ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચીને મોનીટરની મદદથી પાણીનો મારો ચલાવ્યો હતો. આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈને બુઝાવી દેવામાં આવી હતી. ફાયર બ્રિગેડની સમયસર કામગીરીના કારણે CNG પંપ પર મોટી હોનારત ટળી હતી.

### ચૂંટણીલક્ષી જાહેરાત, પોસ્ટર ચોટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચીતરવા પર નિયંત્રણો મૂકતું જાહેરનામું પ્રસિધ્ધ

## ચૂંટણીલક્ષી પ્રચાર પ્રસાર માટે જાહેર અને ખાનગી માલ-મિલકતના ઉપયોગ પર વિવિધ અંકુશો મુકાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

મહેસાણા જિલ્લાના ૨૪-કડી વિધાનસભા મતદાર વિભાગના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ મહેસાણા જિલ્લાના ૨૪-કડી વિધાનસભા મતદાર વિભાગના સમગ્ર વિસ્તારમાં આવેલ જાહેર મકાનો, ખાનગી મકાનો, માર્ગ, સાઈન બોર્ડ, માઈલ પથ્થરો વિગેરેનો ચૂંટણી પ્રચારના કામે ઉપયોગ અંગે નિયંત્રણ મૂકતું જાહેરનામું મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.કે. જેગોડા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.



(ફાઈલ તસ્વીર)

આ જાહેરનામાં અનુસાર મહેસાણા જિલ્લાના ૨૪- કડી વિધાનસભા મતદાર વિભાગના સમગ્ર વિસ્તારમાં કોઈ ઉમેદવાર, સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુયાયીઓ /કાર્યકરો/સમર્થકો કે હમદર્દએ ખાનગી મકાનના માલિકની લેખિત પૂર્વ મંજુરી વગર તેમજ જાહેર જગ્યાએ જમીન, મકાન, કંમ્પાઉન્ડની દિવાલોનો, વીજળીના થાંભલો ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન પોસ્ટર ચોટાડવા, ચિત્ર લખવા, પ્રતિક ચિતરવા, ધ્વજ દંડ ઉભા કરવા, પતાકા લગાવવા, નોટીસો ચોટાડવી, રોશની કરવી વગેરે માટે ઉપયોગ કરવો નહી તેમજ પોતાના અનુગામીઓને આવી છુટ આપવી નહી. આ ઉપરાંત કોઈ ઉમેદવાર/ સંગઠન/સંસ્થા અથવા પક્ષ કે અનુગામી /કાર્યકર સમર્થક કે હમદર્દ કોઈપણ પ્રકારની જાહેર મિલ્કતનો તથા ખાનગી મિલ્કતનો ચૂંટણી પ્રચાર દરમ્યાન ઉપર જણાવેલ કાર્યો માટે ઉપયોગ કરી શકશે નહી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર મિલ્કત એટલે જાહેર મકાનો, માર્ગો, મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈન બોર્ડ ધોરી માર્ગ પર માઈલ પથ્થરો, રેલવે ફાટકના ચેતવણીના બોર્ડ, રેલ્વે પ્લેટફોર્મ, બસ ટર્મિનસ નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટીસ સાઈન બોર્ડનો સમાવેશ થશે.

આ જાહેરનામું તા.૨૫/૦૬/ ૨૦૨૫ ૨૪:૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

ઉપરના કૃત્યોની બંધીના ફરમાનનો અમલ કરવા સબંધિત પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતાં અધિકારીને અધિકૃત કારેલ છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર તેમજ તેમાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### શાળાના આચાર્યએ પ્રવાસ અંગે સ્થાનિક પોલીસને જાણ કરવી પડશે

## હવે શાળાકિય શૈક્ષણિક પ્રવાસ દરમિયાન બે પોલીસ કર્મીઓને સાથે રાખવા ફરજીયાત

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

રાજયની તમામ સરકારી/ અર્ધ સરકારી અને પ્રાઈવેટ શાળાએ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન બે પોલીસ કર્મીઓને સાથે રાખવા ફરજીયાત હોવાનો રાજયના પોલીસવડા વિકાસ સહાયએ પરિપત્ર બહાર પાડી તમામ રેન્જ વડા, પોલીસ કમિશ્નર, અધિકારીને જાણ કરી અમલવારી કરવા આદેશ કર્યો છે.



શાળાઓના શૈક્ષણિક પ્રવાસ, પિકનીક વેળાએ દુર્ઘટનાઓને ટાળવાના ભાગરૂપે તમામ સરકારી, અર્ધ સરકારી, પ્રાઈવેટ શાળાઓના આચાર્યએ આયોજીત થતા પ્રવાસ અંગે સ્થાનીક પોલીસનો સંપર્ક કરવાનો રહેશે.

પ્રવાસ દરમિયાન બે ગણવેશધારી પોલીસ કર્મચારીને સાથે હાજર રાખવાના રહેશે. જો કન્યા શાળા (મહિલા વિદ્યાર્થીનીઓની) હોય તો મહિલા પોલીસ કર્મીઓને સાથે રાખવાના રહેશે. આ નિયમ રાજયની તમામ શાળાઓને લાગુ પડશે. પરિપત્રનો અમલ કરાવવા રાજય પોલીસ વડા વિકાસ સહાયએ આદેશ કર્યો છે.

### વિજાપુરના વિધાર્થીની દુબઈમાં સિદ્ધિ :૧૭ દેશોની મેથેલો જીનીયસ ક્વેસ્ટ પરીક્ષામાં મહર્ષ પટેલ બન્યો ફર્સ્ટ રનર્સ અપ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

વિજાપુરની સેન્ટ જોસેફ શાળાના ધોરણ ૭ના વિદ્યાર્થી મહર્ષ પટેલે દુબઈમાં આયોજિત આંતરરાષ્ટ્રીય મેથેલો જીનીયસ ક્વેસ્ટ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. એકેડેમિક સિટી દુબઈ ખાતે ક્યૂબેટિક દ્વારા આયોજિત આ પરીક્ષામાં ૧૭ દેશોના ૪૮૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.અબાકસ સેન્ટરના વિદ્યાર્થી મહર્ષ દેવાંગકુમાર પટેલે માત્ર ૬ મિનિટમાં ૧૦૦ ગાણિતિક દાખલાઓના સાચા જવાબો આપી પ્રથમ રનર્સ અપનું સ્થાન પ્રાપ્ત કર્યું.

### વિજ કંપની દ્વારા આ વિસ્તારમાં યોગ્ય કામગીરી કરવામાં નહિ આવે દેખાવો કરવામાં આવશે

## મહેસાણા વિભાગ-૨ વિસ્તારમાં વારંવાર લાઈટો બંધ થઈ જતાં વૃદ્ધો તથા બાળકો ગરમીના કારણે ત્રાહીમામ્ પોકારી ઉઠ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

મહેસાણા વિભાગ-૨માં આવતાં રાધનપુર રોડ, રામોસણા સર્કલ, હાઈવે રોડ, મોઢેરા વગેરે વિસ્તારોમાં વારંવાર લાઈટ બંધ થઈ જતાં વય વૃદ્ધ વડીલ તેમજ નાના બાળકોને ગરમીના કારણે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.




આ વિસ્તારમાં મલ્ટીસ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલો અને હોટલો અને આવેલ છે જેના કારણે દર્દી અને ગ્રાહકોને પણ વિજ સમસ્યાનો સામનો કરવો પડે છે. વિજ કંપનીની બેદકારીના કારણે આ વિસ્તારના નાગરીકો ત્રાહીમામ્ પોકારી ઉઠ્યા છે. વિજ લાઈનનું કામ કરતાં હેલ્પરો પણ આ સમસ્યાનું સમાધાન શોધી શક્યા નથી. તેથી આ વિસ્તારના જવાબદાર ઈજનેરને કામગીરી સોંપવા માટે જાગૃત નાગરીક જયદીપ ડાભી દ્વારા માંગણી કરવામાં આવી છે. તેઓએ ઉત્તર ગુજરાત ઝોનલ ઓફિસને પત્ર લખી આ મામલે રજૂઆત પણ કરી છે.

પત્રમાં જણાવ્યા મુજબ આ મામલે કમ્લેન માટે વિજ કંપનીમાં ફોન લગાવીએ છીએ ત્યારે ફોન સાઈડ ઉપર મૂકી દેવાય છે અને જે કર્મચારી ફોન ઉપાડે તે ઉડાવ જવાબ આપતાં હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે.

જો આવનારા સમયમાં મહેસાણા- ૨ માં લાઈટો આવીજ રીતે બંધ થઈ રહેશે તો વિજ કંપની વિરૂદ્ધ દેખાવો અને ગાંધી ચિંધેલા માર્ગે જવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.




# શું કોરોના પાછો આવી રહ્યો છે?

છેલ્લા બે અઠવાડિયામાં ભારતમાં કોવિડ-૧૯ના કેસોમાં વધારો થયો છે. ૨૬ મે, ૨૦૨૫ના રોજ સક્રિય કોવિડ કેસો ડિસેમ્બર ૨૦૨૩ બાદ પહેલી વાર એક હજારને પાર પહોંચી ગયા. આ સમયે દેશભરમાંથી રોજ કોવિડ-૧૯ના લગભગ સો કેસો સામે આવી રહ્યા છે. સિંગાપોર, હોંગકોંગ, થાઈલેન્ડ અને દિક્ષણ કોરિયા જેવા પડોશી દેશોમાં પણ કોરોનાના કેસોમાં વધારો નોંધાયો છે. કોવિડ-૧૯નો હાલનો નાનો વેરિયન્ટ જેએન.૧, ઓમિક્રોન વેરિયન્ટ (બીએ.૧.૫૨૯)નો જ વંશજ છે. અસલમાં ઓમિક્રોન ચિંતાનો અંતિમ વેરિયન્ટ છે, જે નવેમ્બર ૨૦૨૧માં પહેલી વાર મળ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો વાયરસમાં એટલું પરિવર્તન નથી થયું કે તેના કોઈ ઉપ-રૂપને ચિંતાનો વિષય માની શકાય. જેએન.૧ સૌથી પહેલાં લક્ઝમબર્ગમાં ઓગસ્ટ ૨૦૨૩માં મળ્યો હતો અને ભારતમાં તે નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૩માં મળવો શરૂ થયો હતો. જેએન.૧ જેને પિરોલા વેરિયન્ટ પણ કહે છે, મોટાભાગે દિક્ષણ એશિયાઇ દેશો અને દુનિયાના અન્ય હિસ્સામાં કોવિડ-૧૯નો સામાન્ય રીતે પ્રસારિત થનારો વેરિયન્ટ છે. જોકે જેએન.૧ના કેટલાક નવા ઉપવંશજ, જેમ કે એલએફ.૭ અને બીએન.૧.૮ પણ મળ્યા છે. જોકે આ કેસોમાં કોઈ મોટો ચિકિત્સકીય બદલાવ નથી આવ્યો.

સાથે જ ૨૦૨૫ના મધ્યની સ્થિતિ પાંચ વર્ષ પહેલાંની તુલનામાં બિલકુલ અલગ છે. ભારતમાં તમામ ઉંમર વર્ગના લોકો સાર્સ સીઓવી-૨ અને ઓમિક્રોન સહિત કોરોનાના વિભિન્ન વેરિયન્ટના સંપર્કમાં આવી ચૂક્યા છે. મોટાભાગના વયસ્ક બે કે તેથી વધારે કોવિડ રસી લઈ ચૂક્યા છે. તેથી ભારતીય લોકોમાં પ્રાકૃતિક અને રસીને કારણે પ્રતિરોધક ક્ષમતા છે. મોટાભાગના લોકો ડિસેમ્બર ૨૦૨૨ અને જાન્યુઆરી ૨૦૨૩માં ઓમિક્રોન વેરિયન્ટના સંપર્કમાં આવ્યા હતા. હાલના જેએન.૧ વેરિયન્ટ ઓમિક્રોન પરિવારનો જ હિસ્સો છે, તેથી લોકોની પ્રતિરોધક ક્ષમતા જળવાઈ રહેવાની સંભાવના છે.

સવાલ એ થાય છે કે આખરે કોરોનાના કેસો વધી કેમ રહ્યા છે? તેનો જવાબ ત્રણ વૈજ્ઞાનિક તથ્યોમાં સમાયેલો છે. પહેલું, એ સર્વવિદિત છે કે જ્યારે કોઈ વાયરસ લોકોમાં પ્રવેશ કરે છે તો તે તેમની વચ્ચે જ રહે છે. સાર્સ સીઓવી-૨ ભારત અને અન્ય સ્થળોએ હજુ પણ મોજૂદ છે, તેમ છતાં સંક્રમણનો દર ઘણો ઓછો છે. એવું લાગે છે કે એક પેટર્ન ઉભરી રહી છે, જે અંતર્ગત કોરોના ભારતમાં આઠ કે નવ મહિનામાં ઉભાર નોંધાવે છે. પૂરતી સંભાવના છે કે આ વખતે પણ આ મોસમી પેટર્નને કારણે વધી રહ્યો છે. બીજું, સાર્સ સીઓવી-૨ આરએનએ વાયરસો જેવો છે, જે અન્ય પ્રકારના વાયરસોની તુલનામાં સતત ઉત્પરિવર્તન અને આનુવંશિક પરિવર્તનો માટે ઓળખાય છે. જોકે મુખ્ય વેરિયન્ટ જેએન.૧ જ બનેલો છે, તે ઉપરાંત કેટલીક નવી વંશાવલિઓ પણ સામે આવી છે જે વૃદ્ધિનું કારણ બની રહી છે. ત્રીજું, ગત સપ્તાહે ભારત અને અન્ય દેશોમાં કેસોની વૃદ્ધિ થતાં કોવિડ-૧૯ની તપાસ વધારી દેવામાં આવી છે. તેથી આપણે જે ઉછાળ જોઈ રહ્યા છીએ, તે કોવિડ-૧૯ પરીક્ષણ અને નિરીક્ષણમાં વૃદ્ધિને કારણે છે એટલે કે મોટાભાગના લોકોની તપાસને કારણે તેમનામાં સંક્રમણની જાણ થઈ રહી છે.

સવાલ છે કે જો આપણી અંદર પ્રાકૃતિક સંક્રમણ અને રસીને કારણે પ્રતિરોધક ક્ષમતા છે અને આ વાયરસ પણ નવો નથી, છતાં તેમાં વૃદ્ધિ કેમ થઈ રહી છે? અસલમાં ના તો પ્રાકૃતિક સંક્રમણ અને ના રસીથી પ્રેરિત પ્રતિરોધકતા સંક્રમણથી બચાવે છે. આ કેસો કેટલીક હદ સુધી એવો સંકેત કરે છે કે લોકો પોતાના નાક અને ગળામાં કોરોના વાયરસ લઈને ચાલે છે! જોકે પ્રતિરોધક કવચ એ સુનિશ્ચિત કરે છે કે માણસ બીમાર ન હોય કે પછી કમ સે કમ ગંભીર બીમારીથી તો બચી રહે. હાલના પુરાવા અનુસાર, અત્યાર સુધી ગંભીર બીમારીનો કોઈ કેસ સામે નથી આવ્યો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# નેપાળમાં ખંડણી માટે બાંગ્લાદેશીઓનું અપહરણ, ૫ ભારતીયોની ધરપકડ કરાઇ

કાઠમંડુ,તા.૩૦

નેપાળ પોલીસે એક કથિત અપહરણ ગેંગનો પર્દાફાશ કર્યો અને ૫ ભારતીય નાગરિકોની ધરપકડ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ નેપાળમાં ખંડણી માટે બાંગ્લાદેશી પ્રવાસીઓને બંધક બનાવવામાં સામેલ હતા. કાઠમંડુ મેટ્રોપોલિટન પોલીસના પ્રવક્તા અને વરિષ્ઠ પોલીસ અધિક્ષક અપિલ બોહરાના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ દિલ્હીના રહેવાસી શિવ સૌરભ (૩૪), ઉત્તર પ્રદેશના કાનપુરના રહેવાસી રમેશ જાધવ (૬૪), દીપક કુમાર (૩૨), સંદીપ કુમાર (૩૬) અને જસપ્રીત સિંહ (૩૮) તરીકે થઈ છે, જે બંને પંજાબના રહેવાસી છે.

બોહરાએ જણાવ્યું હતું કે આ ગેંગે સસ્તા ટ્રાવેલ પેકેજની લાલચ આપીને નેપાળ જઈ રહેલા સાત બાંગ્લાદેશી નાગરિકોનું અપહરણ કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે કાઠમંડુ ખીણના લલિતપુર મેટ્રોપોલિટનમાં ભાડાના મકાનમાં બાંગ્લાદેશી નાગરિકોને બંધક બનાવવામાં આવ્યા હતા. બંધક બનાવવામાં આવેલા બાંગ્લાદેશી નાગરિકોને માનસિક અને શારીરિક ત્રાસ પણ આપવામાં આવ્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, દરેક બાંગ્લાદેશી વ્યક્તિ પાસેથી ૨,૦૦૦-૩,૫૦૦ યુએસ ડોલર અને તેમના મોબાઈલ ફોન લૂંટી લેવામાં આવ્યા હતા અને વોટ્સએપ દ્વારા લાખો ડોલરની ખંડણી માંગવા દબાણ કરવામાં આવ્યું હતું.

## ગુજરાતમાં બન્ને બેઠકો પર ત્રિપાંખીયો જંગ નિશ્ચિત

# ‘આપ’ કડી બેઠક પણ લડશે : ઉમેદવાર જાહેર : આજે વિસાવદરમાં કેજરીવાલનો રોડ શો : ઈટાલીયાનુ નામાંકન

**ભાજપ-કોંગ્રેસના નામો હવે ગમે તે સમયે જાહેર થશે : આગામી સપ્તાહથી પ્રચાર વેગ પકડશે**

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

ગુજરાતમાં યોજાનારી કડી અને વિસાવદર વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ હવે વિસાવદર બાદ કડીમાં પણ ચૂંટણી લડવાની જાહેરાત કરી છે તથા બન્ને ચૂંટણી માટેના સ્ટાર પ્રચારક પણ જાહેર કર્યા છે.આમ વિધાનસભાની બન્ને બેઠકો માટે હવે ત્રિપાંખીયો જંગ જામશે. જેમાં પક્ષે વિસાવદર માટે અગાઉ જ ગોપાલ ઈટાલીયાને ઉમેદવાર જાહેર કર્યા છે અને તેઓ તા.૩૧ના રોજ ફોર્મ ભરશે.




જેમાં પક્ષના રાષ્ટ્રીય નેતા અને દિલ્હીના પુર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પુર્વ સીએમ આતિશી, પુર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વિ. હાજરી આપશે.

જેમાં એક રોડ શો પણ કરાશે. તા.૩૧ના કડીમાં આપના ઉમેદવાર તરીકે જગદીશ ચાવડાના નામની જાહેરાત કરી છે. પક્ષે આ બન્ને બેઠકો પર ભાજપ-કોંગ્રેસની સામે ટકકર લેવાની તૈયારી કરી છે તો સ્ટાર પ્રચારકમાં પણ અરવિંદ કેજરીવાલ સહિત ૨૦ નામો જાહેર કર્યા છે.

ભાજપની ગુજરાત પાર્લીયામેન્ટ્રી બોર્ડની બેઠક ગઈકાલે મળી હતી જેમાં ત્રણ નામની પેનલ બની છે અને તેની હવે આખરી ૨૪ કલાકમાં દિલ્હીથી જાહેરાત થશે અને કોંગ્રેસના નામો પણ કાલ સુધીમાં જાહેરાત થઈ જશે.

## ગુજરાતમાં કોરોનાના કેસ સડડડાટ વધી રહ્યા છે ત્યારે


# અમદાવાદમાં માત્ર એક દિવસના બાળકને કોરોનાઃ ગુજરાતમાં 3 દિ’માં કેસ ડબલ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૦

ગુજરાતમાં કોરોનાના કેસ સડડડાટ વધી રહ્યા છે ત્યારે અમદાવાદમાં માત્ર એક દિવસનાં નવજાતને કોરોનાનું સંક્રમણ હોવાનો રિપોર્ટ આવતા આરોગ્યતંત્ર ચોંકયુ છે.

ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંકડો બેવડી સદી ફટકારી ચુકયો છે.

રોજ નવા કેસોનો રાફડો છે. સૌથી વધુ કેસ અમદાવાદમાં ૧૫૦ જેટલા છે. તેવા સમયે અમદાવાદમાં નવજાત શિશુનો રીપોર્ટ પોઝીટીવ



આવ્યો છે.સુત્રોએ કહ્યું કે બાળકના જન્મ વખતે તેની માતા કોરોના પોઝીટીવ હતી અને એટલે નવજાતને ચેપ લાગ્યો છે.

જોકે, બાળકનો સંક્રમણ રીપોર્ટ પોઝીટીવ આવ્યો જયારે તેની માતાનો રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો નવજાત શીશુનુ વજન ઓછુ હોવાના કારણોસર એનઆઈસીયુમાં રાખવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૮ માસનાં બાળકને પણ કોરોના છે જે ઓકસીજન પર છે.ગુજરાતમાં કોરોનાના એકટીવ કેસ ૨૨૩ છે. છેલ્લા ત્રણ દિવસમાં કેસ ડબલ છે.જોકે તેમાંથી માત્ર ૧૧ ને હોસ્પીટલમાં ખસેડવા પડયા છે.

## ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમ માટે બીડ કરશે ગુજરાત : અમદાવાદ યજમાન

# આગામી સપ્તાહે રાજયોનું એક પ્રતિનિધિમંડળ લંડન જશે : ખેલકુદ મંત્રી હર્ષ સંઘવી પણ જોડાય તેવી શકયતા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૦

ગુજરાતમાં ૨૦૩૬માં ઓલમ્પીકનું આયોજન કરવાની તૈયારી છે તે પુર્વે ૨૦૩૦માં રાજયમાં કોમનવેલ્થ ગેમ યોજાય તેના પ્રયાસો પણ શરુ થયા છે અને આ માટે બીડ સહિતની તૈયારીઓ માટે આગામી સપ્તાહે ગુજરાત સરકારનું એક પ્રતિનિધિમંડળ લંડન જશે.

ઓલમ્પીક માટે જે મેગા તૈયારીઓ ચાલી રહી છે તેનો પ્રથમ ટેસ્ટ ૨૦૩૦ના કોમનવેલ્થ આયોજનમાં થઈ જાય અને તેના પરથી ઓલમ્પીક તૈયારીઓ માટે પણ એક નવી માર્ગરેખા મળી રહે તે માટે ગુજરાતે ૨૦૩૦ના કોમનવેલ્થ ગેમમાં બીડ કરવાનું નકકી કર્યુ છે. જો કે આ બીડ ભારત સરકાર કરશે




પણ યજમાન શહેર તરીકે અમદાવાદને રખાશે.

અગાઉ જ આ અંગે કોમનવેલ્થ ગેમ એસોસીએશનના ભારતના ચેરમેન પી.ટી.ઉષાએ કોમનવેલ્થને આ અંગે પત્ર લખ્યો છે અને લંડન જનારુ પ્રતિનિધિમંડળ લગભગ એક સપ્તાહ સુધીઅહી રોકાશે જેમાં રાજયના ખેલકુદ બાબતોના મંત્રી હર્ષ સંઘવી પણ જોડાય તેવી શકયતા છે.

જો કે હાલ સ્પોર્ટસ મંત્રાલયના પ્રિન્સીપાલ સચીવ અશ્વિનીકુમાર ઉપરાંત સ્પોર્ટસ સેક્રેટરી એમ.થેનારાસન અને અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના કમિશ્નર બંછાનીધી પાની ઉપરાંત પી.ટી.ઉષા પણ તેમાં સામેલ થશે. આ પ્રતિનિધિમંડળ ઓલમ્પીક ખેલ માટે શું શું આવશ્યકતા છે તે અંગે માહિતી મેળવીને ત્યારબાદ ગુજરાતનું પ્રેઝન્ટેશન કરશે.

રાજયમાં હાલ ૨૩ જીલ્લાકક્ષાના અને ૫ તાલુકા કક્ષાના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ છે પરંતુ મહત્વપૂર્ણ રીતે ઓલમ્પીકની તૈયારીના ભાગરૂપે વધુ ૧૩ જીલ્લા કક્ષાના અને ૧૯ તાલુકા કક્ષાના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવાશે જે ફકત તાલીમ માટે ઉપયોગમાં લેવાશે પણ મુખ્ય સ્ટેડીયમ અમદાવાદ અને તેની આસપાસ બનાવાશે. આ માટે ૧૦ હજાર કરોડથી વધુનું બજેટ ફાળવી દેવાયુ છે અને ઓલમ્પીક કક્ષાની સુવિધાઓ ઉભી કરાશે.

## ખેડૂતો હવે પોતાના પાકને મળનારા લઘુતમ ભાવને ધ્યાનમાં રાખી વાવેતર કરી શકશે

# ખરીફ પાકને ટેકાના ભાવથી ખરીદ કરવાની જાહેરાતને આવકારતા પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજય કોરાટ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૦

રાજયના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થીક રક્ષણ પણ મળી રહે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીની કેન્દ્ર સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા પાકોની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ખેડૂતોને આર્થીક સુરક્ષા આપવા તેમજ તેમની ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ રૂા.૬૯થી રૂા.૫૯૬ પ્રતિ કવીન્ટલનો વધારો કરવામાં આવ્યો છે.

રાજયમાં મગફળી, કપાસ,



ડાંગર, જુવાર, બાજરી, રાગી, મકાઈ, તુવેર, મગ, અડધ અને સોયાબીન જેવા ખરીફ પાકોના વાવેતરની શરૂઆત થાય તે પહેલા જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરાતા ખેડૂતો હવે પોતાના પાકને મળનારા લઘુતમ ભાવને ધ્યાને રાખી વાવેતર કરી શકશે.

પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સમયાંતરે ખેડૂતોના પાકને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે થઈ વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ ખરીફ પાકોની ખરીદી માટે ટેકાના ભાવો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત બાજરાના ટેકાના ભાવમાં ૬૩ ટકા, તુવેરના ટેકાના ભાવમાં ૫૯ ટકા, અડદના ટેકાના ભાવમાં ૫૩ ટકા, મકાઈના ભાવમાં ૬૯ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા ખેત જણસીઓ માટે ખૂબ જ ટુંકા ગાળામાં ટેકાના ભાવોની જાહેરાત કરવા બદલ તેમજ ખરીદ પાકોના ટેકાના ભાવમાં યોગ્ય વધારો કરવા બદલ ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર વ્યકત કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર તેમણે વ્યકત કર્યો છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજનો દિવસ તમારો સારો પસાર થશે. કાર્યક્ષેત્રમાં પણ સૌનો સહયોગ મળશે. જો શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રયાસ કરી રહ્યા હોવ તો આજનો દિવસ તમારા માટે શુભ સાબિત થઈ શકે છે.

**વૃષભ:** ઘરના સભ્યો કે સંતાન વ્યવહારથી તમે દુઃખી રહેશો. પત્ની કે પ્રેમિકા પણ આવા પ્રકારના વ્યવહારથી તમને વ્યથિત કરી શકે છે, જેથી તમે મનોમન પરેશાન રહો.

**મિથુન:** કાર્યક્ષેત્રમાં તમારા કામની પ્રસંશા થશે, પરંતુ સાથો સાથ તમારા દુશ્મની નિંદાઓ પણ વધશે. આવામાં તમારે જરાય પરેશાન થવાની જરૂર નથી. બસ તમારે તમારા કામ પર ફોકસ કરવાની જરૂર છે.

**કર્ક:** આજે તમને વ્યવસાયમાં તમારા ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. નોકરીમાં બની શકે છે કે આજે કોઈ કારણથી તમારે વિવાદ થઈ જાય, આવી સ્થિતિમાં વાણી પર કાબૂ રાખવાની જરૂર છે.

**સિંહ:** છેલ્લાં કેટલાંક દિવસોથી તમે નાના-મોટા કામ બગડી જવાથી આશ્ચર્યમાં છો. બની શકે છે કે આજે તમારા આ કામમાં સુધારો આવી શકે. તેમ છતા પણ કોઈ ડર કે શંકાના કારણે તમારૂ મન અશાંત રહી શકે છે.

**કન્યા:** કોઈ પ્રતિયોગી પરીક્ષા માટે તમારે તૈયાર રહેવું પડશે. જો તમે તમારા વ્યવસાય કે વેપાર સંબંધિત કોઈ કરાર કે લખાણનું કામકાજ કરવા માંગતા હોવ તો તેને બે જ દિવસમાં પુરૂ કરી લેજો. આ જ સમય તમારા માટે શ્રેષ્ઠ છે.

**તુલા:** હાલનો સમય કાર્યક્ષેત્રમાં અવર-જવરનો અને નિયમબદ્ધ કામ પૂરો કરવાનો ચાલી રહ્યો છે. આ દરમિયાન નજીકના લોકો ચિંતામાં વધારો કરી શકે છે. જો તમે પ્રેમ સંબંધમાં હોવ તો વહેલી તકે નિર્ણય લઇ લેજો, નહીં તો પાછળથી સમસ્યાઓ પેદા થઈ શકે છે. જીવનસાથી સાથે આજનો દિવસ સારો પસાર થશે.

**વૃશ્ચિક:** આજે નોકરી કે વેપાર-ધંધામાં આકરી સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે. આ સિવાય બની શકે છે કે કોઈ કામ શરૂ કરવામાં વધુ સમય લેવો પડે. આ કારણે તણાવ વધી શકે છે, પરંતુ યાદ રાખજો કપરો સમય જતો રહે છે અને આ દરમિયાન ધીરજ રાખવી જરૂરી છે.

**ધન:** આજે સવારથી જ પ્રતિકુળ દિવસ તમારા માટે રહેશે. આ સિવાય કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કોઈ પરિવર્તન આવી શકે છે, જેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે, પરંતુ તમે ધૈર્યથી કામ લેજો. સાંજ સુધીમાં સ્થિતિઓ તમારા માટે અનુકૂળ બની જશે.

**મકર:** આજનો દિવસ તમારા માટે એવરેજ રહેશે. વેપારમાં સ્થિતિ સુધરતી નજરે પડશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી મજબૂતી વધશે. એટલે વિરોધ કરનારા અને તમારી ઈર્ષા કરનારા તમારૂ કંઈ પણ બગાડી નહીં શકે. રાતે પત્નીનું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

**કુંભ:** આજે આરોગ્યની કાળજી લેજો. દિવસના પહેલા ભાગમાં વધુ પડતા કામ આવી પડશે. બની શકે ત્યાં સુધી મહત્વના કામો પહેલા પૂરા કરી લેવા. જેથી કોઈ નુકસાન ન વેઠવુ પડે. બપોર પછીનો સમય પડકારભર્યો રહી શકે છે.

**મીન:** આજે આવક કરતા ખર્ચ વધુ થશે. આવામાં સંતુલન જાળવી રાખજો. ધ્યાન રાખજો કે, સારો મૂડ હોવાના કારણે એવું ન બને કે બીજાની મદદ કરવામાં તમે સારા નરસાનું ભાન ભૂલી જાવ.

## ફિલ્મી ગપશપ

# કરીના કપૂરે પીરીયડ્સ વિશે વાત કરી ગુજરાતની સ્કૂલના વખાણ કર્યા



અમદાવાદ,તા.૩૦

બોલિવુડ અભિનેત્રી કરિના કપૂર દરેક મુદ્દા પર પોતાની વાત રાખે છે. હાલમાં તેમણે પીરિયડ્સને લઈ ખુલ્લીને વાત કરી હતી. મેસ્ટુઅલ હાઈજીન ડે પર અભિનેત્રી કરીના કપૂરે પીરિયડ્સને લઈ વાત કરી તેમણે સોશિયલ મીડિયા પર પીરિયડ્સને લઈ પોસ્ટ શેર કરી હતી.

કરીના કપૂરે કહ્યું પીરિયડ્સ કોઈ સમસ્યા નથી પરંતુ આ લોકોમાં જાગરુક્તાનો અભાવ છે. કરીના કપૂરે ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કરી ગુજરાતની શાળાના વખાણ કર્યા હતા. કરીનાએ લખ્યું ગુજરાતની શાળામાં માસિક ધર્મ કોર્નર બનાવવામાં આવ્યા છે. આ સુરક્ષિત યોગ્ય પહેલ છે.અહીં વિદ્યાર્થીઓ કાર્ડ ગેમ્સ, રોલ-પ્લે એપ્રોન, ઈન્ટરેક્ટિવ મોડેલ અને પુસ્તકો દ્વારા પીરિયડ્સ વિશે જાણે છે અને શીખે છે. આ સુરક્ષિત યોગ્ય પહેલ છે.અહીં વિદ્યાર્થીઓ કાર્ડ ગેમ્સ, રોલ-પ્લે એપ્રોન, ઈન્ટરેક્ટિવ મોડેલ અને પુસ્તકો દ્વારા પીરિયડ્સ વિશે જાણે છે અને શીખે છે.કરીનાએ આગળ લખ્યું, ‘યુનિસેફ ઈન્ડિયાના સહયોગથી, સરકારે શાળાઓમાં એક ગેમ-ચેન્જિંગ પહેલ શરૂ કરી છે. આ જૂની માન્યતાઓને તોડી રહ્યું છે.‘ પીરિયડ્સ વિશે વાતચીતને સામાન્ય બનાવવામાં મદદ કરી રહ્યું છે.

જો આપણે બોલિવુડ અભિનેત્રી કરીના કપૂરની વાત કરીએ તો કરીના કપૂર છેલ્લી વખત ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં અવની કામત સિંઘમના રોલમાં હતી. તે પહેલા ક્રુ, જાને જા, ધ બકિંધમ મર્ડર્સ,લાલ સિંહ ચઢ્ઢા, અંગ્રેજી મીડિયમ, વીરે દી વેડિંગ, ગુડ ન્યુઝ, ઉડતા પંજાબ, કી એન્ડ કા, બ્રધર્સ જેવી ફિલ્મોમાં પણ જોવા મળી હતી. અંતે, કરીનાએ પોતાના સંદેશમાં લખ્યું, ×ચાલો એક પીરિયડ્સ ફ્રેન્ડલી દુનિયા બનાવીએ. દરેક વિદ્યાર્થી માટે ખુલ્લી વાતચીત અને સલામત વાતાવરણને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ માં ફાર્મા સેક્ટરના ૩૭૦ M.O.U. થયા

# વર્ષ-૨૦૨૪ની વાઇબ્રન્ટમાં ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં થયેલ M.O.U. થી રૂ.૧૧ હજાર કરોડનું કુલ મૂડીરોકાણ મળ્યું: ૨૦,૧૪૧ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ

## દેશના ફાર્માસ્યુટિકલ કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 33 ટકા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૦

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટનું વર્ષ ૨૦૨૪ માં ૧૦ ચરણ પૂર્ણ થયું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૧૦ માં ચરણમાં પણ દેશ-વિદેશની કંપનીઓએ ગુજરાતમાં રોકાણની ઈચ્છા દર્શાવી અને શરૂઆત પણ કરી.આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના ફાર્માસ્યુટિકલ સેક્ટરને લગતા પણ મોટી સંખ્યામાં ખ.ઘ.ગ. આ સમીટમાં કરવામાં આવ્યા હતા.



વર્ષ-૨૦૨૪ ની વાયબ્રન્ટ સમીટમાં ફાર્માસ્યુટિકલ સેક્ટરના કુલ અંદાજે રૂ.૩૦ હજાર કરોડની કિંમતના કુલ ૩૭૬ **M.O.U.** થયા હતા. જે પૈકી અત્યારસુધીમાં ૧૭૫ **M.O.U.** ધરા તલ પર સફળ થઈને કમીશન થયા અને અન્ય ૧૫૩ **M.O.U.** પણ પૂર્ણતાના આરે છે.

આ **M.O.U.** થી ગુજરાતના ફાર્માસ્યુટીકલ સેકટરમાં કુલ મૂડીરોકાણ અંદાજીત રૂ? ૧૧,૧૧૪.૧૩ કરોડ મળ્યું છે. જેના પરિણામે ગુજરાતમાં ૨૦,૧૪૧ લોકોનો રોજગારી પણ પ્રાપ્ત થઈ છે.

વર્ષ ૨૦૨૪માં કમીશન થયેલ **M.O.U.** પ્રોજેકટસમાં વિદેશી કંપનીઓ મે..સેનાડોર લેબોરેટરીઝ પ્રા.લિ, સ્પેન દ્વારા કુલ રૂ ૨૫૦૦ કરોડનું મૂડી રોકાણ કરી વિશ્વમાં સૌથી વધુ કોન્ટ્રાસેપ્ટીવ દવાઓનું ઉત્પાદન કરવામાં આવેલ છે અને જેના થકી ૫૦૦ લોકોને રોજગારી મળી છે.

અમેરીકાની મે. એમનીલ ફાર્માસ્યુટીકલ પ્રા.લિ. દ્વારા કુલ રૂ.૭૦૦ કરોડનું મૂડી રોકાણ કરી ઈંજેકટેબલ દવાઓનું ઉત્પાદન કરવામાં આવેલ છે જેના થકી પણ ૫૦૦ લોકોને રોજગારી મળી છે.હાલ દેશના ફાર્માસ્યુટિકલ કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૩૩ ટકા છે.

ચોમાસુ મુંબઇમાં સ્થગિત : ગુજરાત ભણી આવતી સિસ્ટમ નબળી પડી ગઇ : હવે રાહ જોવી પડશે

# ગુજરાત રાજ્યમાં તાપમાન યથાવત રહેવાની ધારણા : છુટાછવાયો વરસાદ થઇ શકે : હવામાન ખાતાની જાહેરાત

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩૦

દેશમાં સમય કરતા વહેલું પહોંચી ગયેલુ ચોમાસુ ધમાકાભેર આગળ વધ્યા બાદ હવે મુંબઈ પહોંચીને સ્થગિત થઈ ગયું છે અને હવામાન વિભાગે જાહેર કર્યુ છે કે ગુજરાતમાં હાલ કોઈ વ્યાપક વરસાદની સિસ્ટમ નથી.

કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ પડી શકે છે. ચોમાસુ કેરળથી આગળ વધીને ગોવા અને મહારાષ્ટ્ર તથા ગુજરાત ભણી આવશે તેવા સંકેત હતા અને મુંબઈમાં પણ મે માસમાં જ ભરપુર વરસાદ નોંધાઈ ગયો હતો.



પરંતુ ચોમાસાની સિસ્ટમ મુંબઈ પહોંચ્યા પછી નબળી પડી ગઈ છે. જેના કારણે ચોમાસુ ગુજરાતમાં પહોંચવામાં વિલંબ થઈ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, વરસાદમાં વિલંબ અંગે પણ શકયતાઓ રહેલી છે.ગુજરાતમાં હાલ કોઈ મોટી ચોમાસુ સિસ્ટમ નથી. સાર્વત્રિક વરસાદ થાય તેવી કોઈ સ્થિતિ નથી અને તેથી આગામી સમયમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહી.

કુટુંબને લાભ અપાવવા માટે આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવું પડશે

# રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને કુટુંબદીઠ રૂપિયા ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર મળશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં **ALL INDIA SERVICES (AIS)**ના અધિકારીઓ, રાજ્ય સરકારના અધિકારી, કર્મચારી અને પેન્ટાનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના× શરૂ કરવામાં આવી. **PMJAY-** માં યોજના અંતર્ગત ×કેટેગરીના કાર્ડ દ્વારા કુટુંબદીઠ રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આ તમામ કર્મીઓને મળવાપાત્ર બને છે.



આરોગ્ય વિભાગ દ્વારા આ યોજના હેઠળ લાભ મેળવવા ઈચ્છતા કર્મીઓ, પેન્શનર્સ અને તેમના કુટુંબીજનો માટેની નિયત સૂચના અને માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. તદઅનુસાર 'ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના' (કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ) સહાય મેળવવા માટે **PMJAY** યોજનાનું કાર્ડ હોવું આવશ્યક છે.જે કાર્ડની ફાળવણી **STATE HEALTH AGENCY (SHA)**ને સોંપવામાં આવેલ છે. રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનર્સના કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમોમાં જણાવેલ કુટુંબની વ્યાખ્યા મુજબ અને છેંજી ના અધિકારીઓના કિસ્સામાં તેમને લાગુ પડતા **AIS(Medical Attendance) Rules,**, ૧૯૫૪ અંતર્ગત કુટુંબની વ્યાખ્યા મુજબની પાત્રતા ધરાવતા હોય તેવા આશ્રિત કુટુંબીજનોની વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

આ તમામ કર્મીઓ જ્યાં કાર્યરત હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવાનું રહેશે. ફિક્સ પગારના કર્મચારીના કિસ્સામાં નોકરીમાં નિયમિત નિમણૂંક આપ્યા વિના સેવા સમાપ્ત કરવામાં આવે અથવા કોઈ અધિકારી/કર્મચારી સેવા છોડીને જાય અથવા રાજીનામું આપે અથવા શિક્ષાત્મક કાર્યવાહીના અંતે સેવા સમાપ્તિ કરવામાં આવે અને કાર્યવાહીના અંતે સંબંધિત સરકારી અધિકારી/કર્મચારી તેને લાગુ પડતા પેન્શનના નિયમો મુજબ પેન્શનર ગણવા પાત્ર ન રહે તેવા કિસ્સામાં તેણે છેલ્લે જ્યાં ફરજ બજાવી છે તે કચેરીના વડાએ જીઉૅછને તે અંગેની સત્વરે જાણ કરવાની રહેશે.

જેના આધારે **SHA** દ્વારા **PMJAY** માં આ યોજના હેઠળના લાભાર્થી તરીકેના નામમાંથી તેઓ અને તેઓના કુટુંબના સભ્યોના નામ કમી કરવામાં આવશે.

છેલ્લા એક દાયકામાં રોકાણકારોની સંખ્યામાં પાંચ ગણો વધારો

# એક કરોડ...ગુજરાતમાં ઈન્વેસ્ટરોની સંખ્યા જાદુઈ આંકને પાર

અમદાવાદ,તા.૩૦

ભારતીય શેરબજાર મહિનાઓ સુધી મંદી ઉથલપાથલના દોર બાદ ફરી તેજીનાં મંડાણ થઈ ગયા છે અને ઈન્વેસ્ટરો પણ રસ લેવા માંડયા છે. ત્યારે ગુજરાતમાં ઈન્વેસ્ટરોની સંખ્યા એક કરોડના જાદુઈ આંકને વટાવી ગઈ છે. ગુજરાતે શેરબજારના ઈન્વેસ્ટમેન્ટમાં નવુ સિમાચિન્હ હાંસલ કર્યુ છે.

છેલ્લા એક દાયકામાં ગુજરાતમાં ઈન્વેસ્ટરોની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે. નેશનલ સ્ટોક એકસચેંજના સતાવાર રીપોર્ટનાં ગુજરાતમાં ૩૦ એપ્રિલની સ્થિતિએ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરોની સંખ્યા ૯૯.૯ લાખ હતી ચાલુ મે મહિનામાં નવા રોકાણકારો ઉમેરાતા સંખ્યા વધીને એક કરોડના આંકને વટાવી ગઈ છે.



ગુજરાતના ભુતકાળ પર નજર કરવામાં આવે તો ૨૦૧૫ માં રાજયમાં ઈન્વેસ્ટરોની સંખ્વા માત્ર ૨૦ લાખની હતી અને ૨૦૨૦ સુધીમાં ૩૮ લાખ પર પહોંચી હતી જે હવે મે ૨૦૨૫ માં એક કરોડને વટાવી ગઈ છે.છેલ્લા પાંચ વર્ષમાં ૧૬૨ ટકાનો વધારો થયો છે.રીટેઈલ ઈન્વેસ્ટરોની શેરબજારમા ભાગીદારી અસામાન્ય રીતે વધી હોવાનું સુચવાય છે.

નેશનલ સ્ટોક એકસ[illegible]ના રીપોર્ટ પ્રમાણે એપ્રિલ ૨૦૨૫ નાં અંતે ગુજરાતમાં ૯૯.૯૦ લાખ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરો હતા. ચાલુ માસમાં આ આંકડો એક કરોડને વટાવી ગયો હોવાનો અંદાજ છે. ગુજરાતીઓમાં ઈકવીટી કલ્ચર ઘણુ મજબુત છે અને ખાસ કરીને કોરોનાકાળ બાદ તેમાં મોટો વધારો થયો છે. યુવા વર્ગ ઉપરાંત મહિલાઓ પણ આકર્ષિત થઈ છે.

શેરબજારના વ્યવહારોનું ડીજીટલાઈઝેશન અને આઈપીઓ ભરવાનું સાવ સરળ થઈ જવાની સાથોસાથ સારા રિટર્ન સાથે જાગૃતિ વધતા ઈન્વેસ્ટરોનો પ્રવાહ વધ્યો છે. ગત એપ્રિલ મહિના પુર્વે માર્કેટમાં ઉથલપાથલ અને મંદી હતી છતા ગુજરાતમાં એપ્રિલ મહિનામાં નવા ૪૯૦૦૦ ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો હતો.મંદી-અસ્થિર માહોલને કારણે વૃધ્ધિદર ધીમો પડયો હતો. છતાં ચાલૂ મહિનામાં માર્કેટ ફરી તેજીનાં માર્ગે ચડી ગયુ હોવાનાં કારણોસર રોકાણકારોની સંખ્યામાં વધારો થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે. ફર્સ્ટ ટાઈમ ઈન્વેસ્ટરો ફરી દેખાવા લાગ્યા હોવાનું બ્રોકરોએ જણાવ્યું છે.

એક કરોડના જાદુઈ આંક સિદ્ધ થવા સાથે ઈન્વેસ્ટરોની સંખ્યામાં ગુજરાત દેશનું ત્રીજા નંબરનું રાજય બન્યુ છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૦૮૪ કરોડ રજીસ્ટર્ડ ઈન્વેસ્ટરો છે. ઉતર પ્રદેશમાં આ સંખ્યા ૧.૨૯ કરોડ છે. સમગ્ર ભારતમાં કુલ, ઈન્વેસ્ટરો ૧૧ કરોડ છે.

# સ્વભાવ, લાગણી, શબ્દો વાયદાઓ અને અંતે વ્યકિત પણ..સમય જતા બધું બદલાઈ જાય છે..!



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



ગુજરાતમાં લગભગ તાલુકાઓમાં મે મહિનાના અંતિમ તબક્કામાં ઓચિંતો હવામાનમાં પલટો આવતાં વરસાદી માહોલ ઓછા વધતા પ્રમાણમાં જામ્યો છેત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી હદય મનનો ભાર હળવો કરવા પ્રયત્ન કરીએ છીએ તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો એક દિવસ નામદેવના પિતાશ્રીને બહારગામ જવાનું થયું.નામદેવની ઉંમર તે વખતે નાની.ઘરમાં દેવ પૂજા હતી. પૂજાનું કામ નામ દેવને સોંપ્યું. બીજે દિવસે નામદેવ ઠાકોરજીને દૂધનો પ્રસાદ ભોગ ધરાવે છે.ભગવાન દૂધ પીતા નથી નામદેવ બહુ કાલા વાલા કરે છે. રોજ તો પિતાશ્રીને હાથે આપ ભોગ આરોગો છો અને આજે મારા હાથે કેમ આરોગતા નથી? તમે દૂધ નહીં પીઓ તો મારા બાપુ મને વઢશે બધી વિનવણી વ્યર્થ ગઈ,ત્યારે દેવ દૂધ નહીં પીઓ તો હું મારું માથું પછાડી પ્રાણત્યાગ કરીશ.જયાં નામદેવ માથું પછાડવા તૈયાર થયા,ત્યાં ભગવાન પ્રગટ થયા ભગવાને દૂધનો કટોરો લીધો અને દૂધ પીવા લાગ્યા.ત્યાં નામદેવને લાગ્યું કે, વિઠ્ઠલ તો બધું પી જવાના એટલે તે બૂમ પાડી ઊઠ્યો વિઠ્ઠલ બધું દૂધ ના પી જતો.મારા માટે રાખ. બાપુ તો મને રોજ પ્રસાદ આપે છે નામદેવના પ્રેમથી વિઠ્ઠલ નાથ ખુશ થયા. નામદેવને ગોદમાં લીધો અને દૂધ પાયું.

રામજીની દરેક મર્યાદાનું હનુમાન જી ગદા મારીને પાછા કાઢે. રામજી રાજાધિરાજ છે. કનૈયો કહે છે,મારા દરબારમાં તો ગોપી બનવું પડશે.જેની અપેક્ષા બહુ ઓછી હોય છે તે અતિ ઉદાર થઈ શકે છે.

એક વખતે કુબેર ભંડારી શિવજી ને પૂછે છે,હું તમારી શું સેવા કરું? ત્યારે શિવજી કહે કે,મારી જેમ નારાયણ નારાયણ કર..! પણ માતાજીએ કુબેરને કહ્યું,મારા માટે સોનાનો બંગલો બાંધ.કુબેરે સુવર્ણનો મહેલ બાંધ્યો.વાસ્તુ પૂજા કર્યા વગર તો બંગલામાં જવાય નહીં.એટલે રાવણને વાસ્તુપૂજા કરાવવા બોલાવ્યો અને રાવણે વાસ્તુપૂજા કરાવી. પછી શિવજી એ રાવણને કહ્યું, માગ માગ.માગે તે આપું!રાવણે કહ્યું,આ તમારો મહેલ મને આપી દો.

માગનારને ન આપવુંએ મરણ સમાન છે.શિવજીએ બંગલો રાવણને આપી દીધો.પછી રાવણ કહે,મહારાજ,બંગલો સુંદર આપ્યો હવેઆ પાર્વતી આપો. શિવજી કહે તને જરૂર હોય તો તું લઈ જા.જગતમાં આવો દાનવીર થયો નથી રાવણ માતાજીને ખભે બેસાડી લઈ જાય છે. પાર્વતીજીએ શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું.શ્રીકૃષ્ણ ગોવાળ થઈ રસ્તામાં આવ્યા. રાવણને પૂછે છે,આ કોને લઈ જાય છે?રાવણ કહે છે,શંકર ભગવાને મને પાર્વતી દઈ દીધી છે.

શ્રીકૃષ્ણ કહે,તું કેવો ભોળો છે! પાર્વતી કદી આપતા હશે? અસલ પાર્વતીને તો પાતાળમાં સંતાડી રાખી છે.આ તો તને પાર્વતીની દાસી આપી.

દક્ષ કહે છે,શિવ સ્વૈરચારી છે તથા ગુણહીન છે.પ્રકૃતિના કોઈપણ ગુણ શિવજીમાં નહીં હોવાથી શિવ નિર્ગુણ બ્રહ્મ છે. વિધિનિષેધથી પર પરમાત્મા છે. શાસ્ત્રની પ્રવૃત્તિ, વિધિનિષેધની પ્રવૃત્તિ અજ્ઞાની જીવ માટે છે, શિવજી માટે નથી.

દક્ષ પ્રજાપતિ કહે છે,આજથી કોઈ યજ્ઞમાં બીજા દેવો શિવજીને આહુતિ(ભાગ)આપવામાં આવશે નહીં.હાસ્તો,બીજા દેવોની સરખામણીમાં શિવજીને મૂકાય જ કેમ? શિવજી તો દેવોના દેવ મહાદેવ છે.ઈતરદેવો પહેલાં શિવજીને આહુતિ આપવામાં આવશે અને યજ્ઞમાં જેટલું વધે તેટલું સમાપ્તિમાં શિવજીને આપવામાં આવશે.

શંકર-પાર્વતીના લગ્ન વખતની વાત છે.લગ્ન વખતે ત્રણ પેઢીનું વર્ણન કરવાનું હોય છે.શિવજીને પૂછવા માં આવ્ય,તમારા પિતાનું નામ બતાવો.શિવજી વિચારમાં પડી ગયા મારા પિતા કોણ? મહા રુદ્ર શિવનો જન્મ નથી. નારદજીએ શિવજીને કહ્યું,બોલો ને,પિતા બ્રહ્મા! શિવ કહે, બ્રહ્મા! પછી પૂછવામાં આવે છે,દાદા કોણ તો કહે વિષ્ણુ દાદા!પછી પ્રશ્ન થયો વડ દાદા કોણ?હવે કોનું નામ દેવું?ફટ દઈને શિવજી બોલ્યા હું જ સર્વનો વડદાદો છું.

શિવજીના મસ્તકમાં જ્ઞાનરૂપી ગંગા હતી,એટલે નિંદા સહન કરી. પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં જે સહન કરે એને ધન્ય છે એ મહાપુરુષ,એ સંત.જેના માથે જ્ઞાનગંગા હોય તે નિંદા સહન કરી શકે છે.બાકી નિંદા સહન કરવી મુશ્કેલ છે.કલહ વધારે એ વૈષ્ણવ નહીં.એટલે શિવજી એક શબ્દ પણ સભામાં બોલ્યા નથી. સભામાં નંદિકેશ્વર વિરજેલા હતા નંદિકેશ્વરથી આ સહન થયું નહીં. નંદિકેશ્વરે દક્ષને ત્રણ શ્રાપ આપ્યા છે.જે મુખથી શિવજીની નિંદાકરી છે,તેથી તારું માથું તૂટી પડશે તને બકરાનું માથું ચોંટાડવામાં આવશે તને કોઈ દિવસ બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત થશે નહીં.

શિવ નિંદા કરનારને મુક્તિ મળી નથી.શિવતત્ત્વને છોડી ગયેલી બુદ્ધિને સંસારમાં ભટકવું પડે છે. એને ક્યાંય શાંતિ મળતી નથી. પછી શિવજી કૈલાસ આવ્યા. તેમણે મનમાં કાંઈ રાખેલું નહીં. સતીને પણ કાંઈ કહ્યું નહીં.તે પછી દક્ષ પ્રજાપતિએ કનખલ ક્ષેત્રમાં યજ્ઞનો આરંભ કર્યો.કહે કે મારા યજ્ઞમાં હું વિષ્ણુની પૂજા કરીશ પણ શિવજીની નહીં કરું. દેવોએ કહ્યુંકે,તારો યજ્ઞ સફળ થશે નહીં.છતાં દુરાગ્રહથી દક્ષે યજ્ઞ કર્યો.જે યજ્ઞમાં શિવપૂજા નથી ત્યાં ભગવાનવિષ્ણુ પધારતા નથી. બ્રહ્મા-દધિચિ પણ યજ્ઞમાં ગયા નથી.કેટલાક દેવો કલહ જોવાની મજા પડશે એ આશાએ નીકળ્યા છે.

તેમને જતા જોઈ સતીએ પૂછ્યું તો ખબર પડી કે,એ બધા એના પિતાના યજ્ઞમાં જાય છે.દક્ષે દ્વેષ બુદ્ધિથી શિવજીને આમંત્રણ આપેલું નહીં.સતી જાણતાં નથી કે મારા પતિ અને પિતા વચ્ચે અણ બનાવ છે.સતીને પિતાને ત્યાં જવાનું મન થયું.

શિવજી કહે છે કે,તારા પિતાએ મને યજ્ઞનું નિમંત્રણ આપ્યું નથી અને મારું અપમાન કર્યું છે. તેથી ત્યાં જવામાં સાર નથી પણ સતી પિયર જવાની હઠ છોડતાં નથી. શિવજી કહે છે કે, ત્યાં જવાથી તમારું અપમાન થશે.તમે અપમાન સહન નહીં કરી શકોને અનર્થ થશે પણ સતીએ માન્યું નહીં તેણે વિચાર્યું કે,હું યજ્ઞમાં જઈને પિતા- પતિમાં વેર ઉત્પન્ન થયું છે તેની શાંતિ કરીશ. સતીને જવા તૈયાર થયેલાં જોઈ શિવજીએ શિવગણોને આજ્ઞા કરી કે,તમે પણ સાથે જાવ.સતી યજ્ઞ મંડપમાં આવે છે.

સૌ તેને માન આપે છે. ઋષિઓ સહિત સૌ તેમને માન આપે છે તેથી તેમને સંતોષ થયો નહીં.આદ્ય શક્તિ જગદંબાઆજે પિતા દક્ષને વંદન કરે છે.પિતા દક્ષ મુખ ફેરવી લે છે.સતી ફરીથી પ્રણામ કરે છે.સતીને જોતાં દક્ષને ક્રોધ થયો. નિમંત્રણ વગર આ કેમ અહીં આવી હશે?દક્ષ દક્ષ નથી પણ અદક્ષ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે મેમાં વરસાદી માહોલ સર્વત્ર જામ્યો છે કોરોના વાયરસનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે આ વરસાદી માહોલમાં કાદવ કીચડ ગંદકી ભેજ ગરમી બફારામાં બાળકો વૃદ્ધોની યોગ્ય કાળજી રાખવી જરૂરી છે.અસ્તુ.

## ચૂંટણી પ્રચારમાં લાઉડ સ્પીકરનાં ઉપયોગ પર નિયંત્રણો મૂકતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ

# ૨૪-કડી વિધાનસભામાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

ભારતના ચૂંટણી આયોગ દ્વારા ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી ૨૦૨૫ માટે ચૂંટણી જાહેર થતા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતાનાં અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં વગાડતા લાઉડ સ્પીકરથી જાહેર જનતાને પહોંચતા ત્રાસ નુકસાનને અટકાવવા તેના ઉપયોગ ઉપર નિયંત્રણ મૂકતું જાહેરનામું મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે. કે જેગોડાએ મહેસાણા જિલ્લાના ૨૪-કડી વિધાનસભા મતદાર વિભાગના સમગ્ર વિસ્તારમાં રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતું માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા હુકમ ફરમાવેલ છે.




(૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહીં.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવીને લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે અને પરવાનગીની અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ, સ્કૂલો કે દવાખાના આવેલ હોય તો આ કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાનું રહેશે.

આ હુકમ ચૂંટણી પ્રક્રિયા પૂરી થવાની તા. ૨૫/૦૬/૨૦૨૫ ના ૨૪ :૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે તેમજ ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે ચૂંટણી આયોગની સુચનાઓના ઉલ્લંઘન બદલની શિક્ષાને પાત્ર થશે.

## બનાસકાંઠામાં વિદેશી દારૂની હેરાફેરીને અંજામ આપે તે પહેલા પોલીસે જડપી પાડી

# માવસરીમાં ક્રેટા કારમાંથી પ.૩૪ લાખનો વિદેશી દારૂ જપ્ત, એક આરોપી ઝડપાયો

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૦

બનાસકાંઠા એલસીબી પોલીસે માવસરી વિસ્તારમાંથી વિદેશી દારૂની હેરાફેરી કરતી ક્રેટા કાર ઝડપી પાડી છે. પોલીસે કાર નંબર પ્વ૦૭ઙ઼ઃ૬૬૩૨માંથી ૬૦૪ બોટલ વિદેશી દારૂ અને બિયર જપ્ત કર્યા છે. આ દારૂની કિંમત ૫.૩૪ લાખ રૂપિયા છે.



જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાની સૂચના મુજબ એલસીબી પોલીસ સ્ટાફ સુઈગામ અને માવસરી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. બાતમીના આધારે પોલીસે ક્રેટા કારનો પીછો કર્યો હતો. ગામડી ગામ નજીક નાકાબંધી દરમિયાન કારને રોકવામાં આવી હતી.

પોલીસે કારમાંથી કુલ ૧૨.૩૪ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડ્યો છે. જ્યારે અન્ય એક આરોપી ભાગી છૂટ્યો છે. પકડાયેલા આરોપીની ઓળખ શ્રવણ બાબુલાલ ફગલુરામ બિશ્નોઈ તરીકે થઈ છે, જે રાજસ્થાનના બાડમેર જિલ્લાના સેડવા તાલુકાના બાછલા ગામનો રહેવાસી છે.અન્ય ફરાર આરોપીઓમાં હનુમાનરામ જગદીશરામ વિશ્નોઈ, પ્રવિણરામ સિધ્ધરામ બિશ્નોઈ (બંને બાછલા, રાજસ્થાનના રહેવાસી) અને જામનગરથી દારૂનો જથ્થો મંગાવનાર એક અજાણ્યો શખ્સનો સમાવેશ થાય છે. માવસરી પોલીસ સ્ટેશનમાં ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને પ્રિન્ટિંગ પ્રેસના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ

# પ્રિન્ટિંગ પ્રેસના પ્રતિનિધિઓને ચોપાનિયા, પેમ્લેટ, વગેરે છાપવા માટેના કાયદાકીય નિયંત્રણોથી અવગત કરાયા : મુદ્રક -પ્રકાશકના નામ સરનામા હોવા અનિવાર્ય

### જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે. પ્રજાપતિએ પ્રિન્ટિંગ માટેની કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવા માટે આપ્યા નિર્દેશ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

આજરોજ ૨૪- કડી(અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી અનુસંધાને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે પ્રિન્ટિંગ પ્રેસના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી.



જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ.કે. પ્રજાપતિએ આ બેઠકનો હેતુ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી પારદર્શક નિષ્પક્ષ અને ન્યાયી રીતે યોજાય તે માટે ઉમેદવારોના ખર્ચની યોગ્ય દેખરેખ થાય તે ખૂબ જરૂરી છે, જેથી ચૂંટણીના પ્રચાર સંબંધિત કોઈપણ સાહિત્ય પ્રિન્ટ કરવામાં આવે તો તેની ભારતીય ચૂંટણી પંચના નિર્દેશ અને લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ - ૧૨૭ છ મુજબ જાણ કરવી અનિવાર્ય છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ, પ્રિન્ટિંગ માટેની કાયદાકીય જોગવાઈઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, કોઈપણ સાહિત્ય પ્રિન્ટ કરવામાં આવે તેમાં મુદ્રક પ્રકાશકના નામ સરનામા હોવા અનિવાર્ય છે. પ્રિન્ટ કરેલ સાહિત્યની એક - એક કોપી પ્રકાશક અને છપાવનારે રાખવી જરૂરી છે અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ જમા કરાવવી પણ જરૂરી છે.

વધુમાં તેમણે પ્રિન્ટિંગ પ્રેસના પ્રતિનિધિઓને ચોપાનિયા, પેમ્પ્લેટ, વગેરે છાપવા માટેના કાયદાકીય નિયંત્રણોથી અવગત કરવાની સાથે તેની અમલવારી માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી વિવેક બારહટ, આસિસ્ટન્ટ ખર્ચ નોડલ અને હિસાબી અધિકારી મુનાફ મોરવાડીયા સહિત સંબંધિત અધિકારીઓ અને પ્રિન્ટિંગ પ્રેસના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નડાબેટમાં 'ઓપરેશન શિલ્ડ' મોકડ્રીલ

# વાવ-સુઈગામના ગામોમાં ૩૧ મે સાંજે ૩૦ મિનિટ બ્લેક આઉટ રહેશે

(ગરવી તાકાત) વાવ તા.૩૦

બનાસકાંઠા જિલ્લામાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિર્દેશ અનુસાર ૩૧ મે, ૨૦૨૫ના રોજ સિવિલ ડિફેન્સ અંતર્ગત 'ઓપરેશન શિલ્ડ' મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યા મુજબ, સરહદી વિસ્તાર નડાબેટ ખાતે સાંજે ૫ કલાકે મોકડ્રીલ યોજાશે. વાવ અને સુઈગામ તાલુકાના તમામ ગામડાઓમાં સાંજે ૭:૪૫થી ૮:૧૫ દરમિયાન સંપૂર્ણ બ્લેક આઉટ રહેશે. આ સમયગાળા દરમિયાન સ્ટ્રીટ લાઈટ, હોર્ડિંગ્સ, દુકાનો અને ઘરોમાં લાઈટ બંધ રાખવાની રહેશે.



આ મોકડ્રીલ નાગરિક સુરક્ષાના ભાગરૂપે યોજવામાં આવી રહી છે. યુદ્ધ કે કુદરતી આપત્તિ સમયે ઈજાગ્રસ્ત અને ફસાયેલા નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવા અને પ્રાથમિક સારવાર પૂરી પાડવા જેવી કામગીરી હાથ ધરાશે.

કલેક્ટરે નાગરિકોને ડર કે ભય ન રાખવા અપીલ કરી છે. તેમણે સિવિલ ડિફેન્સની તાલીમ પામેલા વોલન્ટિયર્સને મોકડ્રીલમાં જોડાવા અનુરોધ કર્યો છે. નાગરિકોને પણ સરકારની સૂચનાઓનું પાલન કરી સહયોગ આપવા વિનંતી કરવામાં આવી છે.

### હિંમતનગરના પાણપુર-ઈલોલ રોડ પરનો બનાવ:પરિવારજનો અને સમાજે લાશ ઉઠાવવા ઇનકાર કરતાં દોડધામ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૩૦

પાણપુર હિંમતનગર ઈલોલ રોડ પર ગુરુવારે બપોર પછીના સમયગાળામાં એવન માર્બલ એન્ડ ગ્રેનાઈટ સંકુલના વાયર ફેન્સિંગને અડી જતાં પશુ ચરાવવા ગયેલ ભરવાડનું અને એક ઘેટાનું મોત થતાં તારની વાડમાં કરંટ કોણે મૂક્યો તે રહસ્ય બની જવાને પગલે મૃતકના પરિવારજનો અને સમાજે લાશ ઉઠાવવા ઈનકાર કર્યો હતો. ગુરુવારના રોજ પાણપુરમાં રહેતો દેવાભાઈ રાણાભાઈ ભરવાડ (૨૪) ઈલોલ રોડ પર ઈલોલ ચોકડીથી થોડે દૂર આવેલ પેટ્રોલપંપ પાસે પશુ ચરાવી રહ્યો હતો અને બપોર બાદ એવન માર્બલ એન્ડ ગ્રેનાઈટના વાયર ફેન્સિંગ નજીકથી તેની લાશ મળતાં ચકચાર મચી જવા પામી હતી. વીજ કરંટ લાગતાં યુવકનું મોત થવા સહિત એક ઘેટું પણ વીજ કરંટ લાગતાં મોતને ભેટ્યું હતું. ઘટનાની જાણ ભરવાડ સમાજના લોકોને થતાં તેઓ દોડી આવ્યા હતા.

## ગુજરાત યોગ બોર્ડના સમર કેમ્પથી સાવરકુંડલાના બાળકોમાં યોગ અને સંસ્કાર સિંચન

# સાવરકુંડલામાં સમર યોગ કેમ્પનું ભવ્ય સમાપન બાળકોમાં સર્વાંગી વિકાસને ભારે વેગ મળ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

ગુજરાત યોગ બોર્ડ દ્વારા સાવરકુંડલા ખાતે આયોજિત સમર યોગ કેમ્પનું ભવ્ય સમાપન થયું. આ કેમ્પમાં ૫ થી ૧૫ વર્ષના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને યોગ, પ્રાણાયામ, સંગીત, માઈન્ડ પાવર, બ્રેઈન જીમ, જૂની રમતો, સાંસ્કૃતિક વિવિધ સ્પર્ધાઓ, કરાટે અને સેલ્ફ ડિફેન્સ જેવી અનેક લોકપ્રિય પ્રવૃત્તિઓનો લાભ લીધો હતો. આ સમર યોગ કેમ્પનું ગુજરાત યોગ બોર્ડ દ્વારા પ્રમાણિત અમરેલી જિલ્લાના જાણીતા યોગ કોચ બીનાબેન પંડ્યાએ સંપૂર્ણ કેમ્પ દરમિયાન બાળકોને સરળ અને સમજાય તેવી રીતે યોગ અને અન્ય પ્રવૃત્તિઓનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બીનાબેન પંડ્યાના અનુભવ અને



શિક્ષણ શૈલીએ બાળકોમાં યોગ પ્રત્યે રૂચિ જગાવી હતી અને તેમને શારીરિક તેમજ માનસિક રીતે મજબૂત બનાવવામાં મદદ કરી હતી. આ કેમ્પના સફળ સંચાલનમાં જાગૃતિબેન આર. ગોસ્વામી અને કિરણબેન એન.ભટ્ટીએ સહ-સંચાલક તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે સમગ્ર કેમ્પ દરમિયાન નાની-મોટી તમામ વ્યવસ્થા સંભાળીને બાળકોને સુવિધાયુક્ત વાતાવરણ પૂરું પાડ્યું હતું. તેમની નિષ્ઠાવાન સેવાઓએ કેમ્પને સુચારુ રૂપે ચલાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.સમર યોગ કેમ્પનો ઉદ્દેશ્ય માત્ર શારીરિક કસરતો જ નહોતો, પરંતુ બાળકોમાં સારું શિક્ષણ, માતા-પિતા અને પરિવાર સાથે સુમેળભર્યા સંબંધો જાળવવા તેમજ સમાજમાં સકારાત્મક ભૂમિકા ભજવવા માટેની સમજણ કેળવવાનો પણ હતો. આ કેમ્પ દ્વારા બાળકોને શિસ્ત, એકાગ્રતા, આત્મવિશ્વાસ અને સામાજિક મૂલ્યોનું મહત્વ શીખવવામાં આવ્યું હતું. આ પ્રકારના કેમ્પના આયોજનથી બાળકોના સર્વાંગી વિકાસને વેગ મળે છે અને તેમને ભવિષ્ય માટે સક્ષમ નાગરિક બનવામાં મદદ મળે છે. ગુજરાત યોગ બોર્ડ અને સાવરકુંડલાની યોગ પ્રેમી જનતાનો આભાર કે તેમણે આ ભવ્ય આયોજનને સફળ બનાવ્યું. આગામી સમયમાં પણ આવા વધુ કેમ્પનું આયોજન થાય તેવી આશા રાખીએ.

# બનાસકાંઠામાં ૫૦ હજારથી વધુ લોકો જોડાયા, વ્યસનમુક્તિ અને સંસ્કાર સિંચનનું કાર્ય

(ગરવી તાકાત) પાલનપુર તા.૩૦

બનાસકાંઠા જિલ્લામાં જૈનાચાર્ય બોધિરત્નસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. શ્રી કલ્પરક્ષિતવિજયજી મહારાજ અને શ્રી જ્ઞાનરક્ષિતવિજયજી મહારાજે ડીશાના ગામડાઓમાં વિશેષ અભ્યાસક્રમ તૈયાર કર્યો છે.

આ અભિયાન અંતર્ગત શાળાઓમાં બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. જેમાં ગરીબી, બેકારી, મોંઘવારી, વ્યસન અને અન્ય સામાજિક સમસ્યાઓથી મુક્તિ મેળવવાનું માર્ગદર્શન આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી વધુ લોકો આ અભિયાનમાં જોડાયા છે.

જૈન મુનિઓ જ્યાં એક પણ જૈન પરિવાર નથી, તેવા વિસ્તારોમાં પણ ચાતુર્માસ કરીને ઘરે-ઘરે જઈને વ્યસનમુક્તિ અને સંસ્કાર સિંચનનું કાર્ય કરી રહ્યા છે. સંસ્કાર કુંભ અંતર્ગત ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવે છે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા બાળકોને મેડલ અને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવે છે.

આ અભિયાન અંતર્ગત વ્યસનમુક્તિ, યુવા આગેવાનોના આનંદમિલન, સામાજિક કુરિવાજો દૂર કરવા, સમાજ સંમેલન જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પોલીસ, શિક્ષક અને સરપંચો માટે માર્ગદર્શન કાર્યક્રમો પણ યોજાય છે.

તાજેતરમાં યોજાયેલા કાર્યક્રમમાં વિધાનસભ્ય અમિતભાઈ શાહ, લોકપાલ ગિરિશભાઈ શર્મા, ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. સરકારે પણ આ શિક્ષણ મોડલને વિશેષ માન્યતા આપી છે.

# ૨૪-કડી (અ.જા.) વિધાનસભા ચૂંટણી મતવિભાગ માટે આજદિન સુધી પર નામાકંન પત્રોનું વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩૦

ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા. ) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાન્ત અધિકારીશ્રી -કડી એ.ડી.મિયાત્રાની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઇ એક વ્યકિત ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, કડીને પ્રાંત અધિકારીની ચેમ્બર, પ્રાંત કચેરી પ્રથમ માળ, તાલુકા સેવા સદન, કડી-કરણનગર રોડ, કડી ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદાર, કડીને મામલતદારની ચેમ્બર, મામલતદાર કચેરી, પ્રથમ માળ, તાલુકા સેવા સદન, કડી-કરણનગર રોડ, કડી ખાતે મોડામાં મોડું તારીખ ૦૨/૦૬/૨૦૨૫ (સોમવાર) સુધીમાં કોઈપણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીમાં નામાંકન પત્રો પહોંચાડી શકશે. નામાંકન પત્રનાં ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે મળી શકશેઃતા. ૨૬/૦૫/૨૦૨૫ થી તા. ૩૦/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યા સુધીમાં કુલ ૫૨ નામાકંન પત્રોનું વિતરણ થયેલ છે. તે પૈકી આજદિન સુધીમાં ૧ નામાંકન પત્ર રજુ થયેલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતમાં કચરાની ગાડીએ વિદ્યાર્થીને કચડી નાંખતા મેયરનાં તપાસના આદેશ

સુરત,તા.૩૦

સુરતમાં ધોરણ ૮ના વિદ્યાર્થીને કચરાની ગાડીએ કચડી નાખતા મેયર દક્ષેશ માવાણીએ તપાસનાં આદેશ આપ્યા છે. કચરાની ગાડીને ઝડપથી ચલાવનારા બદલ કાર્યવાહી કરવામાં આવી છે. તમામ ડ્રાઈવરોનું લાયસન્સ વેરિફિકેશન કરવા આદેશ આપવામાં આવ્યા છે. એકના એક દીકરાનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.

સુરતનાં ઉધનામાં ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીને બેદરકાર કચરાની ગાડીએ કચડી નાંખતાં મોતને ભેટ્યો હતો. બાળકનું મોત થતાં લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ઉધના પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. બેદરકાર ચાલકનાં કારણે માસૂમ બાળકનું મોત થતાં લોકોમાં રોષ ભરાયો હતો.

પ્રજાનો આક્રોશ જોતાં મેયર દક્ષેશ માવાણીએ તપાસના આદેશ આપ્યા છે. કચરાની ગાડી તેજ ગતિએ ચલાવનારા સામે કાર્યવાહી કરવામાં આવી છે. તમામ ડ્રાઈવરોનું લાયસન્સ વેરિફિકેશન કરવા આદેશ આપવામાં આવ્યો છે. ડ્રાઈવરોને છાવરતા અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. મૃતકનું નામ કાર્તિક અનિલ મોહિતે હોવાનું સામે આવ્યું છે. એકના એક દીકરાનું મોત થતા પરિવાર શોકમાં ગરકાવ થયો છે. બનાવની જાણ થતા જ ઉધના પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. કચરાની ગાડીના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### બીઝેડના મહાઠગ ભૂપેન્દ્ર સિંહ ઝાલાને મુક્ત કરવા મુખ્યમંત્રી પટેલને રોકાણકારોએ રજૂઆત કરી

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગરમાં બીઝેડ ગ્રૂપના મહાઠગ ભૂપેન્દ્ર ઝાલાને છોડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી છે. સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ફ્રીઝ કરેલા નાણા રોકાણકારોને પરત જોઈતા હોઈ ૫૦ જેટલા ઈન્વેસ્ટર્સે રજૂઆત કરી છે. ઝાલાનો ભોગ બનનાર નાગરિકોએ તેમના ફસાયેલા નાણા ઝાલા પરત કરે તે માટે મુખ્યમંત્રીને જામીન આપવા રજૂઆત કરી છે. કૌભાંડી ઝાલા હાલ જેલમાં હોવાથી ઝાલા રોકાણકારોના નાણા પરત કરી શકે તેમ ન હોવાથી સ્વર્ણિમ સંકુલમાં ૫૦થી વધુ રોકાણકારો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાંથી પોન્ઝી સ્કીમ ચલાવી અંદાજે ૬૦૦૦ કરોડનું ફૂલેકું ફેરવ્યું હતું.

બીઝેડ ફાઈનાન્સની વેબસાઈટ મુજબ બીઝેડમાં ૧૧,૨૩૨ રોકાણકારો છે, જેઓએ ૪૨૨.૯૬ કરોડનું રોકાણ કર્યું હતું. કૌભાંડી ભુપેન્દ્ર ઝાલા રોકાણકારોને મહિને ત્રણ ટકા વ્યાજની લાલચ આપતો હતો. બીઝેડના એજન્ટોને માર્કેટિંગ ચેઈન મુજબ ૧ ટકા, ૦.૫૦ ટકા, ૦.૨૫ ટકા, ૦.૧૦ ટકા મુજબ અનુક્રમે કમિશન મળતું હતું. આ કેસમાં કેટલા એજન્ટ છે અને તેમની વિરુદ્ધ પુરાવા મેળવવા તપાસ શરૂ કરાઈ હતી. જેમાં આરોપીના લેપટોપ ટેલીમાં હિસાબો રહેતા હોવાનું સામે આવ્યું હતું.

ઝાલાને હાલ જેલમાં રાખવામાં આવ્યો છે. દરમિયાન સીઆઈડી ક્રાઈમ આ કૌભાંડમાં અત્યાર સુધી કરેલ તપાસનો રિપોર્ટ કોર્ટને સોંપ્યો હતો. બીઝેડ ગ્રૂપ સ્કેમના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની ડિસેમ્બર મહિનાના અંતમાં મહેસાણાનાં દવાડા ગામમાંથી ધરપકડ કરવામાં આવી હતી. બીઝેડ ગ્રૂપ સ્કેમનો પર્દાફાશ થયા બાદ સામાન્ય એજન્ટથી લઈને અધિકારીઓ શંકાના દાયરામાં છે. ભૂપેન્દ્ર સિંહ ભાજપમાં કાર્યકર હોવા છતાં તેને ટિકિટ ન મળતાં અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. જોકે, બાદમાં ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

### આતંકવાદ અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં, વિદેશ મંત્રાલય



નવીદિલ્હી,તા.૩૦

પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછી સરહદ સંઘર્ષ દરમિયાન, ભારતે પોતાનો વલણ સ્પષ્ટ કર્યું છે કે આતંકવાદ અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં. દરમિયાન, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, 'જ્યાં સુધી પાકિસ્તાન સાથેના અમારા સંબંધોનો સવાલ છે, ત્યાં અમારું વલણ સ્પષ્ટ છે. ફક્ત બંને પક્ષો વચ્ચે જ વાતચીત થશે. અમે ફરી એકવાર ભારપૂર્વક કહેવા માંગીએ છીએ કે આતંકવાદ અને વાતચીત એકસાથે ચાલી શકે નહીં. તેમણે તે કુખ્યાત આતંકવાદીઓને ભારતને સોંપવા પડશે, જેમના રેકોર્ડ અને યાદી અમે થોડા વર્ષો પહેલા તેમને સોંપી હતી. ટ્રેન્ડિંગ વીડિયો 'જમ્મુ અને કાશ્મીર પર વાતચીત પીઓકે ખાલી થયા પછી થશે' રણધીર જયસ્વાલે વધુમાં કહ્યું, 'જમ્મુ અને કાશ્મીર પર વાતચીત ત્યારે જ થશે જ્યારે પીઓકે ખાલી થશે અને પાકિસ્તાન તે વિસ્તાર અમને સોંપશે. આ સાથે, સિંધુ જળ સંધિ પર ભારતના કડક વલણને જાળવી રાખતા, તેમણે કહ્યું - જ્યાં સુધી સિંધુ જળ સંધિનો સવાલ છે, ત્યાં સુધી તે સ્થગિત રહેશે જ્યાં સુધી પાકિસ્તાન વિશ્વસનીય અને અપરિવર્તનીય રીતે સરહદ પાર આતંકવાદને ટેકો આપવાનું છોડી ન દે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોને દોહરાવતા કહ્યું, 'આતંકવાદ અને વાતચીત સાથે ન ચાલી શકે. આતંકવાદ અને વેપાર પણ સાથે ન ચાલી શકે. અને પાણી અને લોહી સાથે ન વહી શકે.'

એક અલગ વિષય પર વાત કરતા, જયસ્વાલે કહ્યું કે ઈરાનના તેહરાન શહેરમાં ત્રણ ભારતીય નાગરિકો ગુમ થયા છે. તેમણે કહ્યું, 'ત્રણ ભારતીય નાગરિકો થોડા સમય પહેલા તેહરાન પહોંચ્યા હતા, પરંતુ હવે તેમનો કોઈ પત્તો નથી. અમે ઈરાની અધિકારીઓના સંપર્કમાં છીએ અને તેઓ અમને મદદ કરી રહ્યા છે.' વિદેશ મંત્રાલય આ ત્રણ નાગરિકોના પરિવારોના સંપર્કમાં છે અને તેમને શક્ય તેટલી મદદ કરવામાં આવી રહી છે.

Volume : 11 Issue : 47 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002